# એવાં ઘણાં છે ફૂલો

## 22

પંખીઓના કલરવોથી દૂર છે.
આ નગરના ઝાડવાં મજબૂર છે.

ડાળખીએ થડ બની ટેકો કર્યો ,
એક વડલો એટલે ઘેઘૂર છે.

અમથે અમથું મોત તો બદનામ છે,
જિંદગી એથી વધારે ક્રૂર છે.

એમના પગલાં પડયાં જે માર્ગ પર,
માર્ગ એ બધ્ધા નશામાં ચૂર છે.

23

જીત જેવું કંઈ નથી ’ને હાર જેવું કંઈ નથી,
આપણી વચ્ચે હવે તકરાર જેવું કંઈ નથી.

હા, હજી પણ તારી નજરોમાં છે એ કાતિલપણું,
આંખમાં તારી ભલે હથિયાર જેવું કંઈ નથી.

જિંદગી તારા વગર કેવી છે? સાચું કહું તને!
વારતા લાંબી છે કિન્તુ સાર જેવું કંઈ નથી.

રોજ સાંજે તું કિનારે જઈને બસ બેસી રહે,
એ સમંદરમાં હવે તો ખાર જેવું કંઈ નથી.

તું નથી તો કંઈ નથી એ કેમ સમજાવું તને?
કે હૃદય ધબકે છતા’ ધબકાર જેવું કંઈ નથી.

વર્ષોની સાધનાનું આ ફળ મને મળ્યું છે.
હું ફૂલ થઈ ગયો છું, ઝાકળ મને મળ્યું છે.

તમને મળ્યું છે આખું આકાશ તો મુબારક.
વરસાદથી છલોછલ વાદળ મને મળ્યું છે.

દરિયાને આપણે તો વહેંચ્યો છે સરખા ભાગે,
તમને મળ્યા છે મોતી ને જળ મને મળ્યું છે.

આ પ્રેમનો અનુભવ કામ આવશે જીવનભર,
તમને વફા મળી છે ’ને છળ મને મળ્યું છે.

રણમાં હું દોડી દોડી હાંફી ગયો ’ને અંતે,
આંખોમાં આ તમારી મૃગજળ મને મળ્યું છે.

જીંદગી એના ભરોસે એ રીતે જીવાય નહીં,
એમ કૈં' ઈશ્વર કરે તેથી બધું થઈ જાય નહીં.

કોઈ વેળા હાથમાં તલવાર પણ લેવી પડે,
હાથમાં કરતાલ લઈ ને જંગને જીતાય નહીં.

કોઈ શત્રુ આ જમાનામાં હવે ક્યાંથી મળે?
હાથ ઝાલી દોસ્ત પણ મંઝિલ સુધી લઈ જાય નહીં.

જે મળ્યા દુ:ખ દર્દ એનો સામનો કરવો પડે,
ભૈ' બધાં દર્દો ઉપર ગઝલોનું સર્જન થાય નહીં.

એ દિવસ તું માનજે કે તું હવે જીવતો નથી,
હો સજન, વરસાદ હો ને તો'ય તું ભીંજાય નહીં.

રોજ કરતા કંઈ જુદો છે, લાભપાંચમનો દિવસ,
આંગણે આવી ઉભો છે, લાભપાંચમનો દિવસ.

વૃક્ષ થઇને એ બધાને છાંયડો આપ્યા કરે,
આંગણામાં રોપવો છે, લાભપાંચમનો દિવસ.

ને પછી એના નશામાં વીતશે આખું વરસ,
જામ માફક પી જવો છે, લાભપાંચમનો દિવસ.

કીમતી અત્તરની માફક સાચવી રાખ્યો છે મેં,
તું મળે તો છાંટવો છે, લાભપાંચમનો દિવસ.

બારણે સ્વસ્તિક કરી તોરણ સજાવું રોજ હું,
રોજ મારે પોંખવો છે, લાભપાંચમનો દિવસ.

જન્મતા સાથે મળ્યું છે "હું-પણું."ને
પછી માથે ચઢ્યું છે "હું-પણું."

આંખમાં તારી મેં જોયો છે મને,
ને પછી તો ઝળહળ્યું છે "હું-પણું."

દર્પણોમાં મેં મને માપી લીધો
ત્યારથી જોને ઘટ્યું છે "હું-પણું."

સાદગી મારી બધી ખર્ચાઈ ગઇ.
કેટલું મોંઘુ પડ્યું છે "હું-પણું."

બોલ ઈશ્વર ક્યાં તને રાખું હવે?
મારામાં નકરું ભર્યું છે "હું-પણું."

ઈશ માફક મેં કદી જોયું નથી
નામ ખાલી સાંભળ્યું છે "હું પણું."

જીવન છો ને સાવ જ સીધું સાદું રાખું,
સપનું જો રાખું તો થોડું મોઘું રાખું.

પળભરમાં તો જગ આખાને અજવાળી દઉં,
મુટ્ઠીમાં હું સૂરજનું અજવાળું રાખું.

રોજ સવારે એક નવી કોઈ ઈચ્છા જાગે,
ઈચ્છા છે કે ઈચ્છાઓ પર કાબુ રાખું.

અંતે લોકો ભેગા થઈ પહોંચાડી દેશે,
ખિસ્સામાં તારાં ઘરનું સરનામું રાખું.

સુખ દુઃખમાં તું રોજ મને અજમાવે છે.
તો પણ ઈશ્વર તારી સાથે ફાવે છે.

હિમ્મત આખા જગ સામે છે લડવાની પણ,
દર્પણ સામે કોણ અમે આ ગભરાવે છે.

એ ઘરમાં હો'તો ઘર મારૂં ઉપવન લાગે,
દીકરી જાણે ઘર આખાને મહેંકાવે છે,

અફવા છે કે રાત પડે અંધારું થાશે,
એ અફવાને સૂરજ પાછો ફેલાવે છે.

ટોચ પર પહોંચી ગયા એ શું કરે?
નામ ખુદનું લઈ ને પડઘો સાંભળે.

એટલી કંઈ ગ્રહદશા નડતી નથી,
માણસોને જેટલો માણસ નડે.

કોકના આંસુની જે કિંમત કરે,
એમને સાતે સમંદર સાંપડે.

એ લૂંટાવી દે બધાએ પાંદડા,
ઝાડ થોડું પાનખરને કરગરે?

જે તમે જોયાં હો સગ્ગી આંખથી,
કોક વેળા દશ્ય એ ખોટા પડે.

તું હવે તો મારી સાથે વાત કર,
ગામ આખું આપણી વાતો કરે.

સુખની કિંમત બે પૈસાની, દુઃખની કિંમત લાખ્ખો,
ચૂકવી દેશે બધ્ધું વળતર, થોડી ધીરજ રાખો.

માંનો ચહેરો ઝાંખો લાગે, લટકેલા ફોટામાં
દિકરાએ ચશ્માંને લૂછ્યા, લૂછવાની'તી આંખો.

મારે તો કડવા નીકળ્યા છે, સાચું કહું છું માનો,
"ધીરજના ફળ મીઠાં છે" એ કહેતા પહેલાં, ચાખો.

વાત કરી સીધી-સાદી, તો દુનિયાએ ના માની?
એમ કરો, સાચી વાતોમાં મીઠું-મરચું નાખો.

કાયમ માટે છોડી અમને, ઘરની બહાર ગયા છો!
જાતા જાતા કામ કરો ને, દરવાજો તો વાખો.

ટોચ પર પહોંચી જવાયું હોત તો સારું હતું.
કે પછી પાછું વળાયું હોત તો સારું હતું.

હું કશું બોલી નથી શકતો, તું સમજી જા હવે,
એટલું બોલી શકાયું હોત તો સારું હતું.

એ સનાતન છે સનાતન છે ભલે લોકો કહે,
સત્યથી સાબિત થવાયું હોત તો સારું હતું.

આપણે મંઝિલ સુધી ના જઈ શકયા ગમ એ નથી,
હાથ પકડી ને ચલાયું હોત તો સારું હતું.

એ લગોલગ આવીને ઊભા, ને હું ચૂકી ગયો,
એમને ભેટી પડાયું હોત તો સારું હતું.

ભર બપોરે છાંયડો થઈને ઊભેલા ઝાડ પર,
બે ઘડી વાદળ છવાયું હોત તો સારું હતું.

સૂરજ ઊગે, ચાંદો ઊગે એમ હવે હું ઊગવાનો છું.
એ આવીને સ્પર્શી ગઈ છે, ફૂલની માફક ખીલવાનો છું.

હાથ જરા મારો ઝાલીને ઘર સુધી પહોંચાડી જાજો,
સરનામું એણે દીધું છે, મારું ઘર હું ભૂલવાનો છું.

લ્યો ઉન્માદી અંગો બોલ્યાં, સાંજ ઉદાસી ખંખેરી લે,
ડૂબતા સૂરજની સાખે હું, આજે એને મળવાનો છુ.

જેવી આંખ દીધી અર્જુનને, એવા કાન મને તું દેજે,
એ કશું ના બોલે તો પણ, હું એને સાંભળવાનો છું.

ઘણા સમયથી પડ્યો છું યારો, પડ્યો છું ને બસ પડ્યો રહ્યો છું,
આજ ફરીથી એવી રીતે પ્રેમમાં એના પડવાનો છું.

તને જ્યારથી હું સમર્પિત થયો છું,
જમાનાથી જાણે વિસર્જિત થયો છું.

તેં પાછું વળીને જ્યાં જોયો મને બસ,
અજાણ્યા નગરમાં હું ચર્ચિત થયો છું.

અડીખમ છું એવો અભિનય કરું છું,
ખરેખર કહું તો હું ખંડિત થયો છું.

મેં દર્પણમાં જ્યારે ગઝલકાર જોયો,
હું મારાથી ત્યારે અચંબિત થયો છું.

બધા પર્ણ મારા મેં ત્યાગી દીધાં છે,
છતા પાનખરમાં હું કંપિત થયો છું.

હોઠ પર આવેલ શબ્દોને જો અટકાવી
શકો તો જીતશો કાયમ તમે.

ને હૃદયની વાતને જો હોઠ પર
લાવી શકો તો જીતશો કાયમ તમે.

એમ કૈ ખીલી ઊઠો, ઝાકળ ઝીલો
વહેલી સવારે એટલું પુરતું નથી,

ફૂલ માફક જો ચમન આખાને
મહેંકાવી શકો તો જીતશો કાયમ તમે.

કોણ તમને એમ કે'છે કે સૂરજ થઈને
જગત આખામાં અજવાળું કરો?

કોઈ આથમતા ઘરે દીપક જો
પ્રગટાવી શકો તો જીતશો કાયમ તમે.

આભ આખાનો ખભા પર ભાર હો'
ને હો' જો ઊડવાનો ઇરાદો આપનો,

એવે ટાણે માત્ર થોડી પાંખ ફફડાવી
શકો તો જીતશો કાયમ તમે.

જિંદગીભર જે ખુમારીથી બધી
બાજી જીત્યા છો ને વધાવી જીતને,

એ ખુમારીથી કદીક જો હાર અપનાવી
શકો તો જીતશો કાયમ તમે.

આખા જગથી દૂર થવાનું, ભૂત ચઢ્યું છે.
મનની વાતો સાંભળવાનું, ભૂત ચઢ્યું છે.

ઈશ્વર તેં પણ તારું-મારું શીખી લીધું?
દુનિયાદારીમાં પડવાનું ભૂત ચઢ્યું છે?

દુનિયા આખી ફંફોસીને થાકી જાશે,
સારા માણસને મળવાનું ભૂત ચઢ્યું છે.

સાવ જ નીચા સ્તર સુધી એ ઉતરી જાશે,
ટોચ ઉપર પહોંચી જાવાનું ભૂત ચઢ્યું છે.

તમારી દોડ છે કાયમ અહીં આગળ જવા માટે,
અમે દોડી રહ્યા છીએ, આપની સાથે થવા માટે.

તમારો સ્પર્શ પામ્યા વ્હાલથી પહેલા, ઘણું પહેલા,
અનેરો એ હતો ઉત્સવ, અમારા ટેરવા માટે.

હું તમને યાદ છું એની ખુશી છે, ડર પરંતુ છે,
કદાચિત યાદ રાખો છો મને બસ ભૂલવા માટે.

હતી એ જાણ અમને કે, તમારો પત્ર કોરો છે,
અમે ચશ્માંય પહેર્યા'તા છતાં એ વાંચવા માટે.

તમારો હાથ ઝાલીને પ્રથમ જે ચાલતા શીખે,
પછીથી ચાલ ચાલે છે, એ તમને રોકવા માટે.

જીતી જવાની બાજી, હારું છું યાર કાયમ.
અંતે જ ચાલ ખોટી, ચાલુ છું યાર કાયમ.

પહેલી વખતની "ના" માં દુશ્મન બની જવાનું?
બધ્ધી જ વાત તારી, માનું છું યાર કાયમ.

બે હાથને મેં જોડ્યા, ત્યાં તો કહ્યું પ્રભુ એ..
માંગ્યા વગર તને હું, આપું છું યાર કાયમ.

મોટા ગજાના કોઈ, લેખકની વારતા સમ,
બહું ધ્યાનથી તને હું, વાંચું છું યાર કાયમ.

એને કહો મને ના, સપના બતાવે ખોટા,
એને કહો કે હું તો, જાગુ છું યાર કાયમ.

આવ્યું જો દુઃખ જરા તો, ભાંગી પડ્યો છે એ જણ,
આખાય ગામમાં જે વહેંચી રહ્યો તો ડહાપણ.

આવીને બે ઘડીમાં ચાલ્યા ગયા એ તો પણ,
અજવાશ છે આ ઘરમાં, મહેંકી રહ્યું છે આંગણ.

દેવોને સ્વર્ગ કેરા અમૃત બધા મુબારક,
માણસને આ ધરા પર, કાફી છે માનું ધાવણ.

દરરોજ એ મને બસ, આપ્યા કરે છે વળતર,
દીકરી તો હોય જાણે ખુશીઓની કોઈ થાપણ.

મારો અહમ્ છે જાણે, પેઢીનો શેઠ કોઈ,
દુઃખ છે મને કે મારી ઈચ્છાઓ સાલી માંગણ.

જોઈને હાથ મારો, જ્યોતિષે આપ્યું તારણ,
માણસ નડે છે તમને, ક્યાંથી કરૂં નિવારણ?

મારા પ્રણયને ભય છે, તારા અતિ પ્રણયનો,
સાચું કહે છે લોકો, વિષ હોય વિષનું મારણ.

હાલત છે એક સરખી, દીકરીના સૌ પિતાની,
દિલમાં ખુશીનો દરિયો, માથા ઉપર છે ભારણ.

પૂછીશ ના, મને તું શું કામ બહું ગમે છે?
એકાદ હોય તો હું આપી શકુંને કારણ?

તારી જ છું હું કાયમ, તે એટલું લખ્યું તું,
તાવીજમાં એ ચિઠ્ઠી, મે તો કરી છે ધારણ.

આ નાનકડા અરીસામાં ડૂબેલા છો એ સારું છે.
તમે દુનિયા ભૂલાવીને ઉભેલા છો એ સારું છે.

ફરી પાછા તમે મારા જીવનમાં નહિ જ આવો પણ,
તમે સારા સમય માફક વીતેલા છો એ સારું છે.

તમે છો એક તરણું ને, ફકત તરણું જ રહેવાના,
છતાં પથ્થરને ફાડીને ઊગેલા છો એ સારું છે.

અકડ જે હોય એ નક્કી ઝૂકે છે, કે તૂટે તો છે,
તમે પહેલે જ થી થોડા ઝૂકેલા છો એ સારું છે.

અમારા સ્વપ્નનો એક જ સહારો “ઊંઘની ગોળી”
તમે આરામથી કાયમ સૂતેલા છો એ સારું છે.

મને આમેય કવિતામાં પ્રથમથી રસ ઘણો છે ને,
તમે પણ એટલા ગઝલોનાં ઘેલા છો એ સારું છે.

નરી નિરાંત ને સુખથી ભરેલી છે અહીં કિસ્મત,
અગર રાખી શકો ખાલી તમારા કામથી નિસ્બત.

મને અંતરથી કીધું'તું "સુખી થાજે" અને હું છું,
પિતા છો વારસામાં કંઈ નથી મૂકી ગયા મિલકત.

એ આખા આભને પોતાની માલિકીનું માને છે,
કોઈ પંખીના માળા પર નથી હોતી કદી પણ છત.

એ પર્વત પરથી કૂદે છે, સમંદર પામવા માટે
ઝરણને જોઈને લાગે, પ્રણયમાં હોય છે હિમ્મત.

આ તે કેવી સહજતાથી, મને છોડી તમે ચાલ્યા?
કે જાણે છોડવાની હોય તમને બહુ જુની આદત.

ભૂખી દીકરીને સાંજે દઈ દીધું માએ પછી ભોજન,
કીધું ગૌરી કદી કરતી હશે પોતે જ ગૌરીવ્રત?